## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આમ તો પેશન્ટને આંચકી ન આવવી જોઈએ... નર્સ ચેક કરો... એવું લાગે છે કે પેશન્ટનાં મોબાઈલમાં નેટવર્ક ડીસ્કનેક્ટ થઈ ગયું છે...!!

# સિવિલમાં ફરી પંખો પડ્યો દર્દીનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલને કરોડો રૂપીયાના ખર્ચે આધુનિક ઓપ આપવામાં આવ્યો છે. છતા નવા બિલ્ડીંગમાં રોજ નવી સમસ્યાઓ સામે આવી રહી છે. ત્યારે હોસ્પિટલમાં દર્દીઓના માથે પંખા પડવાનો સિલસિલો શરુ થયો હોય તેવું લાગી રહ્યું છે. પખવાડીયા પહેલા જ સ્વાઈન ફલુ ઓપીડી બહાર પંખો પડ્યો હતો. આ વાતને પંદર દિવસ થયા નથી ત્યારે નવા બિલ્ડીંગના આઠમાં માળે આવેલ ફિમેલ વોર્ડમાં રાત્રીના સમયે મહિલા દર્દી સુતા હતા ત્યારે અચાનક પંખો પડ્યો હતો. જો કે મહિલા દર્દીનો આબાદ બચાવ થયો હતો. પંખો પડતાની સાથે અન્ય દર્દી, સગાઓ સહિત સ્ટાફના કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા. ત્યારે હોસ્પિટલના બિજાને દર્દથી કણસી રહેલા અને સારવાર લેતા દર્દીઓ પણ સલામત રહ્યા નથી તેવો ઘાટ સર્જાયો હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક તરફ એમસીઆઈની ટીમ પીજીના ઈન્સ્પેકશન માટે ગમે ત્યારે આવે તેવી શક્યતા છે. તો બીજી તરફ વડાપ્રધાન આગામી બે દિવસીય ગાંધીનગરની મુલાકાતે આવે છે. જેને પગલે હોસ્પિટલમાં ખાસ વોર્ડ તેમજ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે.જેને પગલે ખુદ સત્તાધિસો રાઉન્ડ લગાવી સુવિધામાં કોઈ કચાશ રહી ન જાય તેનું ખાસ ધ્યાન રાખી રહ્યા છે. હોસ્પિટલ સંકુલના અધિકારીઓ દ્વારા પીઆઈયુ વિભાગને વારંવાર રજુઆત કરવા છતા સમસ્યાઓનો કોઈ ઉકેલ આવતો નથી. હવે તો દર્દીઓ પણ પોતાના બેડ પંખા નીચેથી આઘા ખસેડી લઈને આરામ કરે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે નવા સંકુલમાં વિવિધ રોગના દર્દથી કણસી રહેલા દર્દીઓને રોગ કરતા તો પંખાનો ભય વધુ સતાવી રહ્યો છે.

# શનિવારે 'રચનાની આંતર કથા' વિષયે ચંદ્રકાન્ત ટોપીવાળાનું વકતવ્ય

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્વ. રેવાબેન અને સ્વ. આત્મારામભાઈ કા. પટેલની સ્મૃતિમાં 'સમાજ સેવા અને સાહિત્ય' વ્યાખ્યાનમાળાના આગામી વક્તવ્યનું તા. ૨૦મી મે શનિવારે સવારે ૯.૩૦ કલાકેસે. ૨૩માં કડી કેમ્પસમાં બ્રહ્માણી કૃપા હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ સર્જક ચંદ્રકાન્ત ટોપીવાળા 'રચનાની આંતરકથા' વિષયે વકતવ્ય રજૂ કરશે. આ પ્રસંગે લેખિકા શાલિનીબહેન ટોપીવાળા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેશે. સાહિત્ય સભામાં સભ્ય પ્રજ્ઞાનબેન પટેલ દ્વારા તેમના સદ્ગત માતા-પિતા સ્વ. શ્રીમતિ રેવાબહેન પટેલ તથા લાડોલના જાણીતા સાહિત્યકાર-સમાજસેવી સ્વ. આત્મારામભાઈ કા. પટેલની સ્મૃતિમાં 'સમાજ, સેવા અને સાહિત્ય' વ્યાખ્યાનમાળા માટે સહયોગ સાંપડ્યો છે. વ્યાખ્યાનમાળા દ્વિતિય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# સેક્ટર-૨૧ સરકારી પુસ્તકાલયમાં ભરઉનાળે એસી બંધ હોવાની રાવ

## લાયબ્રેરીની કેટલીક લાઈટો પણ બંધ હાલતમાં હોવાથી વાચકો પરેશાન : સફાઈ પ્રત્યે દુર્લક્ષ સેવાતુ હોવાની વાચકોની ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૨૧માં સાર્વજનિક પુસ્તકાલયમાં ભર નાળે એરકન્ડિશન્ડ મશીનો બંધ હોવાની તથા લાયબ્રેરીની કેટલીક લાઈટો પણ



બંધ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ સાથે લાયબ્રેરીમાં સ્વચ્છતા બાબતે પણ બેદરકારી સેવાતી હોવાની ફરિયાદ કેટલાક વાચકો ઉઠાવી રહ્યાં છે.

શહેરમાં સેક્ટર-૧૭ ખાતેનું રાજ્યનું મધ્યસ્થ ગ્રંથાલય ઉપરાંત સેક્ટર-૨૧ ખાતે સાર્વજનિક પુસ્તકાલય આવેલુ છે. આ પુસ્તકાલયમાં ઉનાળામાં વાચકોને કાળઝાળ ગરમીમાં રાહત મળી રહે તે માટે એસી લગાડાયેલા છે પરંતુ તેમાંથી કેટલાક એસી મશીનો બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. એસી બંધ હોવાને કારણે બપોરની ધોમધખતી ગરમીના માહોલમાં વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા ઉમેદવારો તથા અન્ય નિયમિત વાચકોને પંખાના સહારે વાંચન કરવુ પડી રહ્યું છે.

વળી, આ પુસ્તકાલયમાં કેટલીક લાઈટો પણ મરામતના અભાવે બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક વાચકોએ તો લાયબ્રેરીમાં સફાઈકાર્ય અંગે પણ સવાલો ઉઠાવ્યા છે. સ્વચ્છતા પ્રત્યે બેદરકારીના પરિણામે વાચકોને હાલાકી ભોગવવી પડી રહી છે. સત્વરે આ સમસ્યાનો ઉકેલ કરાય તેવી વાચકોમાં માંગ ઉઠવા પામી છે.

# સમુદ્રિ હિલચાલનો અભાવ જણાતા ચોમાસાના પ્રારંભ અંગે અવઢવ

ગાંધીનગર, તા. ૧૭

આ વર્ષે ચોમાસાની ગતિવિધિનો રાજ્યના કેટલાક ભાગમાં કરાના વરસાદને કારણે પ્રારંભ થયો હોય તેવુ મનાઈ રહ્યું છે. પરંતુ હજુ સુધી સમુદ્રિ હલચલ કે આંધીનું પ્રમાણ જણાતુ ન હોઈ વરસાદનું વહન સર્જાવા અંગે શંકા ઉભી થવા પામી છે. આ સંજોગોમાં પ્રિ.મોન્સુન એક્ટિવિટી જો મે માસના અંતમાં સર્જાય તો જુન માસના પ્રથમ સપ્તાહમાં ચોમાસુ બેસે તેવી જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે.

હવે, ચોમાસાની ગતિવિધીના પડધમ વાગી રહ્યા છે ત્યારે આગામી ચોમાસુ કેવુ રહેશે તે અંગે ખેડૂત ભાઈઓ ઉત્સુક હોય તે સ્વાભાવિક છે. આ વખતે કૃતિકા સૂર્યનક્ષત્રમાં રાજ્યની કેટલાક ભાગોમાં વરસાદ થવામાં છે. સામાન્યતઃ કૃતિકા નક્ષત્રમાં વરસાદ કે છાંટા થાય તો ચોમાસુ સારૂ આવે તેવી ધારણા મુકાય છે. જ્યારે આ વખતે વર્ષાનો ગર્ભ બરાબર થયેલ નથી પરિણામે આ વખતે આકાશમાં ગર્ભ તેના પ્રસવ કાળે પણ કરા રૂપે પડે છે. હજુ આંધીનું પ્રમાણ જણાતુ નથી. સમુદ્રમાં હલચલ જણાતી નથી. છેક પાકિસ્તાનથી બંગાળના ઉપસાગર સુધી વરસાદી વહન બને તો ગુજરાત તેમજ દેશમાં સારો વરસાદ થાય. શ્રીલંકા પરથી ઉભુ થતુ ચોમાસા કેરલ કાંઠે આવે તો સમયસર આવે અને સાનુકુળ સ્થિતિમાં હોય તો દેશમાં સારો વરસાદ થાય છે. આંદોબાર-નીકોબાર ટાપુ પર વરસાદની ગતિવિધી જોવા મળેલ છે. તા. ૨૨ મે સુધીમાં દક્ષિણ ઉપસાગરમાં ભારે વરસાદની શક્યતા છે. આસામ, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મીઝોરમ, મણીપુર, તામીલનાડુના દૂરવર્તી ભાગો તેમજ લક્ષદ્વિપમાં વરસાદ કે વરસાદી ઝાપટા પડવાની વકી છે. હજુ ભેજની સ્થિતિ સાનુકૂળ જણાતી નથી તેમજ પર્યાવરણીય બાબતો પણ નિયમિત ચોમાસાની પૃષ્ટિ કરતી નથી. પશુ-પંખીની ચેષ્ટા પણ ચોમાસાની છડી પોકારતા જોવા મળતા નથી. એટલે હજુ ભેજનું પ્રમાણ નથી. વળી ડુવખાના વાદળો (કોરમણી) વાદળો જણાતા નથી. આ વાદળો થયા પછી જ નિયમિત ચોમાસાની ખબર પડે હજુ નિયમિત ચોમાસાની વાર છે. તા. ૨૫મી મે સૂર્ય રોહિણી નક્ષત્રમાં આવતા ભેજનું પ્રમાણ વધે અને પ્રિમોન્સુન ગતિવિધિ શરૂ થાય. તા. ૨૭મી મે થી ૫ જૂન વચ્ચે ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં રોહિણી નક્ષત્રનો વરસાદ થવાની શક્યતા રહે. આ વખતના ચોમાસામાં ઉકળાટ વધુ રહે. અંગારક તેમજ રવિ મધ્યમ યોગના લીધે વરસાદ ક્યાં કેટલો પડશે તે કહેવુ કઠીન છે જો દક્ષિણ ગોળાર્ધના દેશોમાં ઠંડી ઘણી પડશે તો ભારતીય ચોમાસા પર અસર થઈ શકે. વળી ગંગા-જમનાના મેદાનો તપે તો વરસાદની સ્થિતિ સારી સર્જાય. હાલમાં ગરમીના સંજોગો છે પરંતુ આકાશમાં હિમચાદર બને તે પછી નિરનિરંભર ચોમાસાનો અહેવાલ આવે. વડની વડવાઈઓ ફૂટે અને લગભગ એક વેંતની થાય તો પછી ભેજ વધે હજુ ઈંડાળી કિડીઓ જણાતી નથી જો હવાનું દબાણ ૧૦૦૦ મીલીબારથી ૧૦૦૧ કે આસપાસ રહે તો તે વરસાદી વહનની શક્યતા રહેશે. પશ્ચિમ ભારતમાં ધૂળભરી આંધીઓ ચાલવી જોઈએ જે ચિન્હો હજુ જણાતા નથી પરંતુ આગામી દિવસોમાં આ ચિન્હો શરૂ થશે.





ગુજરાત સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં તળાવ ઊંડા કરવા તેમજ જળસંચયને વેગ આપવાની હાથ ધરાયેલ કામગીરીની જાત તપાસ માટે આજે રાજ્યના બાળ-અધિકાર આયોગના ચેરપર્સન જાગૃતિબેન પંડ્યા તથા માર્ગ-વાહનવ્યવહાર નિગમના ડિરેકટર ભગવાનદાસ પંચાલે કલોલ તાલુકાના નારદીપુર અને ધમાસણામાં થયેલ કામગીરીની સ્થળ પર જઈ મુલાકાત લીધી હતી. આ બન્ને પદાધિકારીઓએ ગ્રામજનો સાથે પણ સરકારની જળસંચય સહિતની વિવિધ યોજનાઓ અંગે ચર્ચા-વિચારણા કરી હતી. આ વેળાએ પ્રાંત અધિકારી ભાલોડિયા, જળસંપત્તિ નિગમના અધિકારીઓ, માર્ગ-વાહન-વ્યવહાર નિગમના અધિકારીઓ તેમજ અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. ગામના સરપંચ તેમજ આગેવાનો રાજુભાઈ પટેલ સહિત સૌએ ગામ વિશેની વિસ્તૃત જાણકારી આપી અને કેટલાક પ્રશ્નો રજુ કર્યા હતા.

